www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Name & Signature of the Invigilator

.................................................

.................................................

# EDUCATION

**PAPER-II**

**DEC-19/13**

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ....................................

..........................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **સો (૧૦૦)** પ્રશ્નો આપેલા છે. **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર, લૉગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

www.prepp.in

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**EDUCATION**

**PAPER - II**

**શિક્ષણ**

**પેપર–II**

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં સો (૧૦૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. Which of the following gunas is the cause of activity and motion ?

   (A) Sat

   (B) Urja

   (C) Tama

   (D) Raja

1. નીચેનામાંથી કયો ગુણ પ્રવૃત્તિ અને ગતિનું કારણ છે ?

   (A) સત્

   (B) ઊર્જા

   (C) તમ

   (D) રજ

2. Which one of the following is a junction of external and internal yoga ?

   (A) Asan

   (B) Pratyahar

   (C) Pranayam

   (D) Dharana

2. નીચેનામાંથી કયું બાહ્યાંગ અને અંતરંગ યોગનું સંધિ સ્થાન છે ?

   (A) આસન

   (B) પ્રત્યાહાર

   (C) પ્રાણાયામ

   (D) ધારણા

www.prepp.in

3. Which one of the following is a *correct* implication of Vedanta philosophy ?

(A) Men and women should be imparted similar education

(B) Men and women should be imparted different education

(C) Women should not be imparted education at all

(D) Vedanta philosophy does not offer any comment on women education

4. According to Idealism, the reality consists of :

(A) Ideas only

(B) Ideals only

(C) Spirit only

(D) Both ideas and spirit

5. The statement, "Modern society can not be a source of knowledge and experience", is favoured by :

(A) Marxism

(B) Realism

(C) Naturalism

(D) Pragmatism

3. નીચેનામાંથી કયો વેદાંત તત્વજ્ઞાનનો સાચો ફલિતાર્થ છે ?

(A) પુરુષ અને સ્ત્રીને સરખું શિક્ષણ અપાવું જોઈએ

(B) પુરુષ અને સ્ત્રીને ભિન્ન શિક્ષણ અપાવું જોઈએ

(C) સ્ત્રીઓને જરા પણ શિક્ષણ અપાવું ન જોઈએ

(D) વેદાંત તત્વજ્ઞાન સ્ત્રી શિક્ષણ વિશે કશું કહેતું નથી

4. આદર્શવાદ મુજબ વાસ્તવિકતા ........ ની બનેલી છે.

(A) માત્ર વિચારો

(B) માત્ર આદર્શો

(C) માત્ર ભાવના

(D) વિચારો અને ભાવના બંને

5. ''આધુનિક સમાજ જ્ઞાન અને અનુભવનો સ્રોત ન બની શકે.'' તે વિધાનની તરફેણ ........ કરે છે.

(A) માર્કસવાદ

(B) વાસ્તવવાદ

(C) પ્રકૃતિવાદ

(D) વ્યવહારવાદ

www.prepp.in

6. In symbolic interaction approach to Sociology of Education, focus is on :
(A) Classroom activities
(B) Cocurricular activities
(C) Cultural interactions among learners
(D) Activities in classroom, playground and other school related places

7. New Social Movements (NSMs) are :
(A) Backed by ICT
(B) An outcome of Liberalization, Privatization and Globalization
(C) An outcome of a post-industrial economy
(D) Less violent

8. Which one of the following is *not* a characteristic of social institution ?
(A) A group of people coming together for a common purpose
(B) Adherence to national laws
(C) Part of the social order
(D) Governing the behaviour and expectations of individuals

6. શિક્ષણના સમાજશાસ્ત્રનો પ્રતીકાત્મક આંતરક્રિયા અભિગમ ......... પર પ્રકાશ પાડે છે.
(A) વર્ગખંડ પ્રવૃત્તિઓ
(B) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ
(C) અધ્યેતાઓ વચ્ચે સાંસ્કૃતિક આંતરક્રિયા
(D) વર્ગખંડ, રમતનું મેદાન અને બીજાં શાળા સંબંધિત સ્થળોમાં પ્રવૃત્તિઓ

7. નવ્ય સામાજિક ચળવળો :
(A) ICT નો ટેકો ધરાવે છે
(B) ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણનું પરિણામ છે
(C) અનુઔદ્યોગિક અર્થતંત્રનું પરિણામ છે
(D) ઓછી હિંસક છે

8. નીચેનામાંથી કયું સામાજિક સંસ્થાનું લક્ષણ નથી ?
(A) સમાન ધ્યેય માટે એકત્ર થયેલું લોકોનું જૂથ
(B) રાષ્ટ્રીય કાયદાઓ પ્રત્યે વફાદારી
(C) સામાજિક વ્યવસ્થાનો ભાગ
(D) વ્યક્તિનાં વર્તન અને આકાંક્ષાઓનું નિયમન

9. In Indian Constitution, the provisions for reservation for scheduled castes and scheduled tribes have been done with a view to :

(A) Impart democratic rights to all

(B) Uplift the society

(C) Equalise educational opportunities

(D) Undo the wrong doings in the past

10. The idea of secularism in education implies :

(A) Teaching the concept of secularism in the class

(B) Forbidding the teachings of all religions in the class

(C) Not discriminating anyone in any manner on the basis of one's religion

(D) Inviting top thinkers of all religions to come and sermonize in the class

9. ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામતની જોગવાઈ ....... દૃષ્ટિકોણથી કરાઈ છે.

(A) બધાને લોકશાહી અધિકારો આપવાના

(B) સમાજનું ઉત્થાન કરવાના

(C) શૈક્ષણિક તકોની સમાનતા આપવાના

(D) ભૂતકાળમાં થયેલી ભૂલો દૂર કરવાના

10. શિક્ષણમાં બિનસાંપ્રદાયિકતાના વિચારમાં ........... સૂચિત છે.

(A) વર્ગમાં બિનસાંપ્રદાયિકતાની સંકલ્પનાનું અધ્યાપન કરવું તે

(B) વર્ગમાં બધા ધર્મોના અધ્યાપનની મનાઈ કરવી તે

(C) કોઈપણની સાથે કોઈ પણ રીતે તેના ધર્મના આધારે ભેદભાવ ન કરવો તે

(D) બધા ધર્મોના પ્રખર વિચારકોને નિમંત્રણ આપવું અને વર્ગમાં ઉપદેશ અપાવવો તે

www.prepp.in

11. NCF (2005) proposed that evaluation should be based on :

(A) Marks

(B) Marks and Grades

(C) Grades

(D) Credits

12. The report of 'National Knowledge Commission' was published in the year :

(A) 2007

(B) 2009

(C) 2005

(D) 2006

13. Review of NPE and PoA was done by :

(A) Yashpal Committee

(B) Ramamurti Committee

(C) National Commission on Teachers

(D) Hansa Mehta Committee

11. NCF (2005) દ્વારા દરખાસ્ત કરાઈ કે મૂલ્યાંકન ........ ઉપર આધારિત હોવું જોઈએ.

(A) ગુણ

(B) ગુણ અને કક્ષા

(C) કક્ષા

(D) ક્રેડિટ

12. ''રાષ્ટ્રીય જ્ઞાન આયોગ'' નો અહેવાલ .......... વર્ષમાં પ્રકાશિત થયો.

(A) 2007

(B) 2009

(C) 2005

(D) 2006

13. NPE અને PoA ની સમીક્ષા ....... દ્વારા કરાઈ હતી.

(A) યશપાલ સમિતિ

(B) રામમૂર્તિ સમિતિ

(C) શિક્ષકોનું રાષ્ટ્રીય પંચ

(D) હંસા મહેતા સમિતિ

14. Who was the chairperson of NCFTE (2009) ?

(A) Prof. S.V.S. Chaudhary

(B) Prof. Rama Murti

(C) Prof. C.L. Anand

(D) Prof. V.K. Sabharwal

15. Political Economy is study of :

(A) Production and economics

(B) Business and trade

(C) Economy and trade

(D) Politics and trade

16. What is budgeting in education ?

(A) Management of finance

(B) Allocation of fund for expenditure

(C) Allocation of finance for expenditure

(D) Allotment of fund for expenditure

14. NCFTE (2009) ના અધ્યક્ષ કોણ હતા ?

(A) પ્રો. એસ.વી.એસ. ચૌધરી

(B) પ્રો. રામા મૂર્તિ

(C) પ્રો. સી.એલ. આનંદ

(D) પ્રો. વી.કે. સભરવાલ

15. રાજકીય અર્થવ્યવસ્થા ............ નો અભ્યાસ છે.

(A) ઉત્પાદન અને અર્થશાસ્ત્ર

(B) ધંધો અને વેપાર

(C) અર્થવ્યવસ્થા અને વેપાર

(D) રાજ્યશાસ્ત્ર અને વેપાર

16. શિક્ષણમાં અંદાજપત્રનું આયોજન એટલે શું ?

(A) નાણાં વ્યવસ્થાનું સંચાલન

(B) ખર્ચ માટે ભંડોળની જોગવાઈ

(C) ખર્ચ માટે નાણાં વ્યવસ્થાની જોગવાઈ

(D) ખર્ચ માટે ભંડોળની ફાળવણી

www.prepp.in

17. What is micro-level finance in education ?

(A) Financing in small sector of education

(B) Financing in schools and colleges

(C) Cost estimation in micro-processes of education

(D) Financing in small education projects

18. Cost benefit is defined as :

(A) Benefit of cost in educational processes

(B) Maximum use of production for benefits

(C) Socially useful cost benefit processes

(D) Processes of benefits against investment

19. Justice Verma Committee Report is related to :

(A) Teacher Education and Economic Reforms

(B) Economic and Social Reforms

(C) Political and Educational Reforms

(D) Reforms in Teacher Education

17. શિક્ષણમાં સૂક્ષ્મ સ્તરીય નાણાં વ્યવસ્થા એટલે શું ?

(A) શિક્ષણના લઘુક્ષેત્રમાં નાણાં પૂરા પાડવાં

(B) શાળા અને કોલેજોમાં નાણાં પૂરા પાડવાં

(C) શિક્ષણની સૂક્ષ્મ પ્રક્રિયાઓમાં લાગતનું અનુમાન

(D) શિક્ષણના લઘુ પ્રકલ્પોમાં નાણાં પૂરા પાડવાં

18. લાગત–લાભની વ્યાખ્યા આ રીતે અપાઈ છે :

(A) શૈક્ષણિક પ્રક્રિયાઓમાં લાગતનો લાભ

(B) લાભ માટે ઉત્પાદનનો મહત્તમ ઉપયોગ

(C) સામાજિક રીતે ઉપયોગી લાગત–લાભ પ્રક્રિયાઓ

(D) રોકાણો સામે લાભની પ્રક્રિયાઓ

19. ન્યાયમૂર્તિ વર્મા સમિતિનો અહેવાલ ....... સાથે સંબંધિત છે.

(A) શિક્ષક શિક્ષણ અને આર્થિક સુધારા

(B) આર્થિક અને સામાજિક સુધારા

(C) રાજકીય અને શૈક્ષણિક સુધારા

(D) શિક્ષક શિક્ષણમાં સુધારા

www.prepp.in

20. 'A framework for understanding and modeling social and economic behaviour' is the central idea of :

(A) Behaviourism

(B) Theory of systems analysis

(C) Theory of rational choice

(D) Critical theory

21. According to Piaget's theory of cognitive development, which process should be done to give knowledge of such things about which the students do not have pre-knowledge ?

(A) Organisation

(B) Assimilation

(C) Triangulation

(D) Accommodation

20. ''સામાજિક અને આર્થિક વર્તનની સમજ અને અનુકૃતિ માટેનું માળખું'' ........ નો કેન્દ્રીય વિચાર છે.

(A) વર્તનવાદ

(B) પ્રણાલી વિશ્લેષણનો સિદ્ધાંત

(C) તર્કનિષ્ઠ પસંદગીનો સિદ્ધાંત

(D) આલોચનાત્મક સિદ્ધાંત

21. જે બાબત અંગે વિદ્યાર્થીઓ પાસે પૂર્વજ્ઞાન ન હોય તેવી બાબતો અંગે જ્ઞાન આપવા માટે, પિઆજેના જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંત મુજબ કઈ પ્રક્રિયા કરવી જોઈએ ?

(A) સંગઠન

(B) પરિપાચન

(C) ત્રિકોણીકરણ

(D) તદ્યોગ્યતા સ્થાપન

www.prepp.in

22. Which of the following statements is *true*, according to the principle of unequal development rate ?

(A) Development of different persons takes place in different ways

(B) Child gets control over head first, then on hands and legs

(C) First, torso develops, then hands, head and legs develop

(D) Development does not take place at the same rate during ten to fifteen years of age as it takes place during five to ten years of age

23. Match appropriate pairs from the information given in Section A and Section B :

| Section A | Section B |
|---|---|
| (*i*) Spearman | (1) Three-dimensions of intelligence |
| (*ii*) Gardner | (2) Crystallised intelligence |
| (*iii*) Guilford | (3) Multiple intelligence |
| | (4) Two-factor theory |

(A) (*i*)-(3), (*ii*)-(4), (*iii*)-(1)

(B) (*i*)-(4), (*ii*)-(3), (*iii*)-(1)

(C) (*i*)-(2), (*ii*)-(3), (*iii*)-(4)

(D) (*i*)-(4), (*ii*)-(2), (*iii*)-(1)

22. અસમાન વિકાસ દરના સિદ્ધાંત મુજબ નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) જુદી જુદી વ્યક્તિઓનો વિકાસ જુદી જુદી રીતે થાય છે

(B) બાળક પહેલાં મસ્તક પર, પછી હાથ અને પગ પર નિયંત્રણ મેળવે છે

(C) પહેલાં ધડનો વિકાસ થાય છે, પછી હાથ, મસ્તક અને પગનો વિકાસ થાય છે

(D) પાંચથી દસ વર્ષની ઉંમર દરમિયાન જેવો વિકાસ થાય છે તેવો વિકાસ દસથી પંદર વર્ષની ઉંમર દરમિયાન થતો નથી

23. વિભાગ A અને B માં આપેલી વિગતોને આધારે યોગ્ય જોડી બનાવો :

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| (*i*) સ્પિયરમેન | (1) બુદ્ધિનાં ત્રણ પરિમાણો |
| (*ii*) ગાર્ડનર | (2) સ્ફટિકીકૃત બુદ્ધિ |
| (*iii*) ગિલ્ફર્ડ | (3) બહુવિધ બુદ્ધિ |
| | (4) દ્વિઘટક સિદ્ધાંત |

(A) (*i*)-(3), (*ii*)-(4), (*iii*)-(1)

(B) (*i*)-(4), (*ii*)-(3), (*iii*)-(1)

(C) (*i*)-(2), (*ii*)-(3), (*iii*)-(4)

(D) (*i*)-(4), (*ii*)-(2), (*iii*)-(1)

www.prepp.in

24. Which of the following are the characteristics of creativity ?

(i) Any new work done by a person at his own, shows creativity

(ii) Every intelligent person is called creative

(iii) Creativity of a person cannot be developed through education and training

(iv) Creativity of such a person develops who can think freely and independently

(A) (i) and (iv)

(B) (i) and (ii)

(C) (ii) and (iii)

(D) (iii) and (iv)

25. Which are the factors of Emotional Intelligence ?

(A) Self-awareness, Self-regulation, Motivation, Drive and Social Skills

(B) Drive, Self-regulation, Motivation, Empathy and Social Skills

(C) Self-awareness, Self-regulation, Motivation, Empathy and Social Skills

(D) Self-awareness, Drive, Motivation, Empathy and Social Skills

24. નીચેનામાંથી સર્જનાત્મકતાનાં લક્ષણો કયાં છે ?

(i) વ્યક્તિ દ્વારા જાતે કરવામાં આવેલું કોઈ નવું કામ તેની સર્જનાત્મકતા દર્શાવે છે

(ii) દરેક બુદ્ધિશાળી વ્યક્તિને સર્જનાત્મક કહે છે

(iii) શિક્ષણ અને તાલીમ દ્વારા વ્યક્તિની સર્જનાત્મકતાનો વિકાસ કરી શકાતો નથી

(iv) જે વ્યક્તિ સ્વતંત્ર અને મુક્ત રીતે વિચારી શકે તેની સર્જનાત્મકતાનો વિકાસ થાય છે

(A) (i) and (iv)

(B) (i) and (ii)

(C) (ii) and (iii)

(D) (iii) and (iv)

25. સાંવેગિક બુદ્ધિના ઘટકો કયા છે ?

(A) સ્વ–જાગૃતિ, સ્વ–નિયમન, અભિપ્રેરણા, ઈરણ અને સામાજિક કૌશલ્યો

(B) ઈરણ, સ્વ–નિયમન, અભિપ્રેરણા, સંવેદના અને સામાજિક કૌશલ્યો

(C) સ્વ–જાગૃતિ, સ્વ–નિયમન, અભિપ્રેરણા, સંવેદના અને સામાજિક કૌશલ્યો

(D) સ્વ–જાગૃતિ, ઈરણ, અભિપ્રેરણા, સંવેદના અને સામાજિક કૌશલ્યો

26. What is *true* in the context of classical conditioning ?

(A) Neutral response becomes natural response.

(B) Natural response becomes neutral response.

(C) Neutral stimulus acquires the characteristics of natural stimulus by pairing with it.

(D) Natural stimulus acquires the characteristics of neutral stimulus by pairing with it.

26. શાસ્ત્રીય અભિસંધાનના સંદર્ભમાં શું સાચું છે ?

(A) તટસ્થ પ્રતિચાર સ્વભાવિક પ્રતિચાર બને છે

(B) સ્વભાવિક પ્રતિચાર તટસ્થ પ્રતિચાર બને છે

(C) તટસ્થ ઉદ્દીપક સ્વભાવિક ઉદ્દીપક સાથે જોડાઈને તેનાં લક્ષણો પ્રાપ્ત કરે છે

(D) સ્વભાવિક ઉદ્દીપક તટસ્થ ઉદ્દીપક સાથે જોડાઈને તેનાં લક્ષણો પ્રાપ્ત કરે છે

27. Which type of response is given by an animal in operant conditioning ?

(A) Artificial

(B) Virtual

(C) External

(D) Internal

27. કારક અભિસંધાનમાં પ્રાણી દ્વારા કયા પ્રકારનો પ્રતિચાર અપાય છે ?

(A) કૃત્રિમ

(B) આભાસી

(C) બાહ્ય

(D) આંતરિક

28. Which of the following is *not* a characteristic of guidance ?

(A) To make the future life of a person as much happy as can be, is a main objective of guidance.

(B) Everybody can guide others.

(C) Guidance is an art.

(D) It is a personal assistance received by a person.

29. Which are the assumptions of electic guidance and counseling ?

(*i*) Feelings and notions of the counselee are ignored.

(*ii*) There have been vast individual differences among the counselees.

(*iii*) None of the directive and non-directive type of guidance can be accepted completely.

(*iv*) Counselor and counselee both have sense of understanding and cooperation and confidence for each other.

(A) (*i*), (*iii*), (*iv*)

(B) (*ii*), (*iii*), (*iv*)

(C) (*i*), (*ii*), (*iv*)

(D) (*i*), (*ii*), (*iii*)

28. નીચેનામાંથી માર્ગદર્શનનું લક્ષણ કયું નથી ?

(A) વ્યક્તિના ભાવિ જીવનને શક્ય તેટલું સુખી બનાવવું એ માગદર્શનનો મુખ્ય હેતુ છે

(B) દરેક વ્યક્તિ બીજાને માર્ગદર્શન આપી શકે છે

(C) માર્ગદર્શન એક કલા છે

(D) તે વ્યક્તિને મળતી વ્યક્તિગત સહાય છે

29. વ્યવહાર માર્ગદર્શન અને પરામર્શનની પૂર્વ ધારણાઓ કઈ છે ?

(*i*) અસીલની લાગણીઓ અને ભાવનાઓને અવગણવામાં આવે છે.

(*ii*) અસીલો વચ્ચે ખૂબ મોટા પ્રમાણમાં વ્યક્તિગત તફાવતો હોય છે.

(*iii*) માર્ગદર્શનના નિર્દેશિત અને અનિર્દેશિત બંનેમાંથી એક પણ પ્રકારને સંપૂર્ણ રીતે સ્વીકારી શકાય નહીં.

(*iv*) અસીલ અને પરામર્શક એકબીજા પ્રત્યે સમજ અને સહકારની ભાવના અને વિશ્વાસ ધરાવે છે.

(A) (*i*), (*iii*), (*iv*)

(B) (*ii*), (*iii*), (*iv*)

(C) (*i*), (*ii*), (*iv*)

(D) (*i*), (*ii*), (*iii*)

www.prepp.in

30. Which of the following is *not* a principle of guidance ?

(A) It is based on objectives.

(B) It considers a person as an average person.

(C) It develops insight of a person.

(D) It is not a continuous process.

31. One document on teacher education curriculum of the country is :

(A) NCF 2005

(B) NCF 2007

(C) NCFTE 2009

(D) NCFTE 2005

32. Which of the following is *not* a component of teacher education programme ?

(A) Microteaching

(B) Faculty improvement programme

(C) Universalization of Elementary Education

(D) Human resource development programme

30. નીચેનામાંથી માર્ગદર્શનનો સિદ્ધાંત કયો નથી ?

(A) તે હેતુ પર આધારિત છે

(B) તે વ્યક્તિને સરેરાશ વ્યક્તિ સમજે છે

(C) તે વ્યક્તિની આંતરસૂઝનો વિકાસ કરે છે

(D) તે સતત ચાલતી પ્રક્રિયા નથી

31. દેશના શિક્ષક શિક્ષણ અભ્યાસક્રમ ઉપરનો એક દસ્તાવેજ ......... છે.

(A) NCF 2005

(B) NCF 2007

(C) NCFTE 2009

(D) NCFTE 2005

32. નીચેનામાંથી કયો શિક્ષક શિક્ષણ કાર્યક્રમનો ઘટક નથી ?

(A) સૂક્ષ્મ અધ્યાપન

(B) કર્મચારી સુધારણા કાર્યક્રમ

(C) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ

(D) માનવ સંસાધન વિકાસ કાર્યક્રમ

www.prepp.in

33. Which of the following will *not* come under collaborative teaching-learning process ?

(A) Team Teaching

(B) Dialogue method

(C) Programmed learning

(D) Seminars and conferences

34. Who opined that knowledge base and pedagogy of teacher education should be integrated in any teacher education programme ?

(A) Deng and Luke

(B) Schulman

(C) Habermas

(D) Bruner

35. The critical social theory implies :

(A) Rethinking of Marxism

(B) Critical understanding of post-modernism

(C) Critical understanding of human purpose

(D) Critical thinking of feminism

33. નીચેનામાંથી શું સહયોગી અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં નહીં આવે ?

(A) જૂથ અધ્યાપન

(B) સંવાદ પદ્ધતિ

(C) અભિક્રમિત અધ્યયન

(D) પરિસંવાદો અને પરિષદો

34. શિક્ષક શિક્ષણનો જ્ઞાનાધાર અને અધ્યાપનશાસ્ત્રનો કોઈપણ શિક્ષક શિક્ષણ કાર્યક્રમમાં સમન્વય કરવો જોઈએ, તેવો મત કોનો છે ?

(A) ડેન્ગ અને લ્યૂક

(B) શુલમન

(C) હાબરમાસ

(D) બ્રૂનર

35. આલોચનાત્મક સામાજિક સિદ્ધાંતમાં ...... સૂચિત છે.

(A) માર્ક્સવાદનું પુનર્ચિંતન

(B) અનુ આધુનિકતાવાદની વિવેચનાત્મક સમજ

(C) માનવીય ધ્યેયની વિવેચનાત્મક સમજ

(D) નારીવાદની વિવેચનાત્મક સમજ

36. Which of the following will be out of the focus of inservice teacher education programme ?

(A) Continuous appraisal of teacher performance

(B) Orientation programmes

(C) Inviting experienced school teachers in B.Ed. class

(D) Courses on foundations of education

37. The major criticism against one year secondary teacher education programme was :

(A) Scarcity of resources in it

(B) Its failure in achieving the purpose

(C) Its high cost

(D) Its short duration school experience opportunities

38. What will *not* form a component of professionalism in teacher education ?

(A) Communication

(B) Ethical considerations

(C) Accountability

(D) Legal expertise

36. નીચેનામાંથી શું સેવાકાલીન શિક્ષક શિક્ષણ કાર્યક્રમના કેન્દ્રમાં નહીં હોય ?

(A) શિક્ષક કાર્યનું સતત મૂલ્યાંકન

(B) અભિમુખતા કાર્યક્રમો

(C) બી.એડ્.ના વર્ગમાં અનુભવી શાળેય શિક્ષકોને નિમંત્રણ

(D) શિક્ષણની આધારશિલાઓના અભ્યાસક્રમો

37. એક વર્ષીય માધ્યમિક શિક્ષક શિક્ષણ કાર્યક્રમની સામે મુખ્ય આલોચના ........ હતી.

(A) તેમાં સંસાધનોની અછત

(B) હેતુ સિદ્ધિમાં તેની નિષ્ફળતા

(C) તેનો ઊંચો ખર્ચ

(D) તેની શાળા અનુભવની તકોનો ટૂંકો સમયગાળો

38. કયો શિક્ષક શિક્ષણમાં વ્યાવસાયિકતાનો ઘટક નથી ?

(A) પ્રત્યાયન

(B) વિચારણા આચારલક્ષી

(C) ઉત્તરદાયિત્વ

(D) કાનૂની તજજ્ઞતા

39. What is the engine of teacher education ?

(A) Content

(B) Transactional strategies

(C) Aims and objectives

(D) Evaluation system

40. Which of the following is *not* related to inservice teacher education programme ?

(A) D.El.Ed. Colleges

(B) DIETs

(C) SCERTs

(D) IASEs

41. Which of the following will *not* be covered under curriculum ?

(A) Co-curricular activities

(B) Teaching methods

(C) Students' abilities

(D) Classroom activities

39. શિક્ષક શિક્ષણનું એન્જિન શું છે ?

(A) વિષયવસ્તુ

(B) અધ્યાપન વ્યવહાર વ્યુહરચના

(C) ધ્યેયો અને હેતુઓ

(D) મૂલ્યાંકન પ્રણાલી

40. નીચેનામાંથી કયું સેવાકાલીન શિક્ષક શિક્ષણ કાર્યક્રમ સાથે સંબંધિત નથી ?

(A) D.El.Ed. કોલોજો

(B) DIETs

(C) SCERTs

(D) IASEs

41. નીચેનામાંથી કયું અભ્યાસક્રમમાં સમાવિષ્ટ નથી ?

(A) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

(B) અધ્યાપન પદ્ધતિઓ

(C) વિદ્યાર્થીઓની ક્ષમતાઓ

(D) વર્ગખંડ પ્રવૃત્તિઓ

www.prepp.in

42. What will be the best course of action for a good teacher in the context of text-books ?

(A) The limits of text-book contents should not be crossed.

(B) The teacher should try the best to see that his/her bright students learn beyond text-books.

(C) The text-book contents should be moulded as per the psycho-social needs.

(D) At the end of session, the teacher should request his/her authorities to change the text-book.

43. NISHTHA, a programme launched by MHRD aims at improving the quality of :

(A) Teacher educators and researchers

(B) Policy makers of education

(C) Brilliant retired teachers

(D) School teachers and principals

42. પાઠ્યપુસ્તકના સંદર્ભમાં સારા શિક્ષક માટે કાર્યોનો શ્રેષ્ઠ ક્રમ કયો હશે ?

(A) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની સીમા ઓળંગવી જોઈએ

(B) શિક્ષકે તે જોવા શ્રેષ્ઠ પ્રયત્ન કરવો જોઈએ કે તેના તેજસ્વી વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોની પાર જઈને ઉપરાંત શીખે

(C) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને મનઃસામાજિક જરૂરિયાત મુજબ ઢાળવું જોઈએ

(D) સત્રના અંતે, શિક્ષકે તેમના સત્તાધીશોને પાઠ્યપુસ્તક બદલવા વિનંતી કરવી જોઈએ

43. માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ 'નિષ્ઠા' કાર્યક્રમનો હેતુ કોની ગુણવત્તા સુધારવાનો છે ?

(A) શિક્ષક પ્રશિક્ષકો અને સંશોધકો

(B) શિક્ષણના નીતિ–ઘડવૈયાઓ

(C) તેજસ્વી નિવૃત્ત શિક્ષકો

(D) શાળાના શિક્ષકો અને આચાર્યો

www.prepp.in

44. Which one of the following is *not* a traditional model of curriculum ?

(A) Hilda Taba Model

(B) Administrative Model

(C) System Analysis Model

(D) Reconstructivist Curriculum Model

45. CIPP is a model for :

(A) Curriculum planning

(B) Curriculum evaluation

(C) Curriculum design

(D) Curriculum transaction

46. Any instructional system will *not* change the :

(A) Instructional material

(B) Evaluation strategies

(C) Set objectives

(D) Design of learning material

47. Which one of the following is *not* a step of Tylor's model of curriculum evaluation ?

(A) Interpreting evaluation results

(B) Specifying objectives

(C) Collecting performance data

(D) Comparing performance data will specified objectives

44. નીચેનામાંથી કયું અભ્યાસક્રમનું પરંપરાગત પ્રતિમાન નથી ?

(A) હિલ્દા તાબા પ્રતિમાન

(B) વ્યવસ્થાકીય પ્રતિમાન

(C) તંત્ર વિશ્લેષણ પ્રતિમાન

(D) પુનર્રચનાવાદી અભ્યાસક્રમ પ્રતિમાન

45. CIPP પ્રતિમાન ........ માટે છે.

(A) અભ્યાસક્રમ આયોજન

(B) અભ્યાસક્રમ મૂલ્યાંકન

(C) અભ્યાસક્રમ યોજના

(D) અભ્યાસક્રમ વ્યવહાર

46. કોઈ શૈક્ષણિક તંત્ર ........ ને બદલી નહીં શકે.

(A) શૈક્ષણિક સામગ્રી

(B) મૂલ્યાંકન વ્યૂહરચનાઓ

(C) નિર્ધારિત હેતુઓ

(D) અધ્યયન સામગ્રીની યોજના

47. નીચેનામાંથી કયું ટાઈલરના અભ્યાસક્રમ મૂલ્યાંકન પ્રતિમાનનું સોપાન નથી ?

(A) મૂલ્યાંકન પરિણામોનું અર્થઘટન

(B) હેતુઓનું સ્પષ્ટીકરણ

(C) કાર્યસિદ્ધિની માહિતીનું એકત્રીકરણ

(D) કાર્યસિદ્ધિની માહિતી સાથે સ્પષ્ટીકૃત હેતુઓની તુલના

www.prepp.in

48. Which one of the following is *not* a step of evaluation model of Kirkpatrick ?

(A) Modification of objectives

(B) Reaction to learning process

(C) Learning of the students

(D) Measuring change in learners' behaviour after learning

49. Which of the following has the minimum role in changing curriculum ?

(A) Structure of knowledge

(B) Social institutions

(C) Individual needs of the learners

(D) Economy of the state

50. In Indian context a priority area of research on curriculum at school stage should be :

(A) Aims of education

(B) Transactional strategies

(C) Content of learning

(D) Evaluation system

51. Action research is :

(A) Research and action

(B) Research after action

(C) Research in action

(D) Research toward action

48. નીચેનામાંથી કયું કિર્કપેટ્રિકના મૂલ્યાંકન પ્રતિમાનનું સોપાન નથી ?

(A) હેતુઓમાં સુધારણા

(B) અધ્યયન પ્રક્રિયા પ્રત્યે પ્રતિક્રિયા

(C) વિદ્યાર્થીઓનું અધ્યયન

(D) અધ્યયન પછી અધ્યેતાના વર્તનમાં થયેલા પરિવર્તનનું માપન

49. નીચેનામાંથી શાની ભૂમિકા અભ્યાસક્રમ બદલાવવામાં લઘુતમ છે ?

(A) જ્ઞાનનું માળખું

(B) સામાજિક સંસ્થાઓ

(C) અધ્યેતાઓની વ્યક્તિગત જરૂરિયાતો

(D) રાજ્યની અર્થવ્યવસ્થા

50. ભારતીય સંદર્ભમાં શાળા સ્તરના અભ્યાસક્રમ પરના સંશોધનોના ક્ષેત્રે કઈ અગ્રતા છે ?

(A) શિક્ષણના ધ્યેયો

(B) વ્યવહારુ વ્યુહરચનાઓ

(C) અધ્યયનનો સંદર્ભ

(D) મૂલ્યાંકન પ્રણાલી

51. ક્રિયાત્મક સંશોધન એટલે :

(A) સંશોધન અને ક્રિયા

(B) ક્રિયા પછીનું સંશોધન

(C) ક્રિયામાં સંશોધન

(D) ક્રિયા કરવા તરફ સંશોધન

www.prepp.in

52. In experimental research which one of the following is least essential ?

(A) Manipulation

(B) Control

(C) Observation

(D) Application

52. પ્રાયોગિક સંશોધનમાં નીચેનામાંથી કયું સૌથી ઓછું અગત્યનું છે ?

(A) હેરફેર (મેનિપ્યુલેશન)

(B) નિયંત્રણ

(C) અવલોકન

(D) વિનિયોગ

53. Which of the following is *not* the characteristic of a good hypothesis ?

(A) Clearly stated

(B) Testable

(C) Wide in scope

(D) Consistent with known facts

53. નીચેનામાંથી કયું સારી ઉત્કલ્પનાનું લક્ષણ નથી ?

(A) સ્પષ્ટ રીતે લેખિત

(B) પરીક્ષણક્ષમ

(C) બહોળો વ્યાપ

(D) જ્ઞાત તથ્યો સાથે સુસંગત

54. Which of the following is *not* a probability sample ?

(A) Snowball sample

(B) Simple random sample

(C) Cluster sample

(D) Stratified random sample

54. નીચેનામાંથી કયું સંભાવના નમૂનો નથી ?

(A) સ્નોબોલ નમૂનો

(B) સાદો યદૃચ્છ નમૂનો

(C) ઝૂમખા નમૂનો

(D) સ્તરીકૃત યદૃચ્છ નમૂનો

55. Which of the following does *not* fall under 'Tools of Research' ?

(A) Attitude scale

(B) Observation

(C) Aptitude test

(D) Questionnaire

55. નીચેનામાંથી કયું ''સંશોધન ઉપકરણો'' અંતર્ગત નથી આવતું ?

(A) મનોવલણ માપદંડ

(B) અવલોકન

(C) અભિયોગ્યતા કસોટી

(D) પ્રશ્નાવલિ

Prepp
Your Personal Exams Guide

56. Researchers in behavioural sciences can use this measurement scale rarely.

(A) Ratio scale

(B) Ordinal scale

(C) Interval scale

(D) Nominal scale

57. Which of the following is a parametric test ?

(A) Pearson's correlation

(B) Spearman's correlation

(C) Chi-square test

(D) Sign test

58. An ethnography researcher has *not* to collect data with the help of :

(A) Questionnaire

(B) Observation

(C) Documentation

(D) Interview

56. સંશોધકો વર્તન વિજ્ઞાનોમાં આ માપન કક્ષા ભાગ્યે જ ઉપયોગમાં લઈ શકે છે :

(A) ગુણોત્તર માપ

(B) ક્રમાંક માપ

(C) અંતરાલ માપ

(D) ઓળખ માપ

57. નીચેનામાંથી કઈ પ્રાચલીય કસોટી છે ?

(A) પિયરસન સહસંબંધ

(B) સ્પિયરમેન સહસંબંધ

(C) કાઈ વર્ગ કસોટી

(D) સંજ્ઞા કસોટી

58. નૃવંશશાસ્ત્રના ક્ષેત્રમાં સંશોધન કરનારે ........ ની મદદથી માહિતી એકત્ર કરવાની નથી.

(A) પ્રશ્નાવલિ

(B) અવલોકન

(C) દસ્તાવેજીકરણ

(D) મુલાકાત

www.prepp.in

59. Grounded theory is a systematic methodology in the social sciences involving :

(*i*) Construction of theory

(*ii*) Inductive reasoning

(*iii*) Hypothetico-deductive model

(*iv*) Initiation with a question

(A) (*i*), (*iii*) and (*iv*)

(B) (*i*), (*ii*) and (*iii*)

(C) (*ii*), (*iii*) and (*iv*)

(D) (*i*), (*ii*) and (*iv*)

59. ........ ને સમાવતો ભૂમિગત સિદ્ધાંત સામાજિક વિજ્ઞાનોમાંનું સુવ્યવસ્થિત પદ્ધતિશાસ્ત્ર છે.

(*i*) સિદ્ધાંતની રચના

(*ii*) આગમનાત્મક તર્ક

(*iii*) ઉત્કલ્પના-નિગમનાત્મક પ્રતિમાન

(*iv*) પ્રશ્ન દ્વારા પ્રારંભ

(A) (*i*), (*iii*) અને (*iv*)

(B) (*i*), (*ii*) અને (*iii*)

(C) (*ii*), (*iii*) અને (*iv*)

(D) (*i*), (*ii*) અને (*iv*)

60. Which one does *not* come under triangulation ?

(A) Data triangulation

(B) Investigator triangulation

(C) Practice triangulation

(D) Methodological triangulation

60. શાનો ત્રિકોણીકરણમાં સમાવેશ થતો નથી ?

(A) માહિતી ત્રિકોણીકરણ

(B) શોધાર્થી ત્રિકોણીકરણ

(C) વ્યવહાર ત્રિકોણીકરણ

(D) પદ્ધતિશાસ્ત્રીય ત્રિકોણીકરણ

61. Given the points of comparison between Pedagogy and Andragogy, which one is *not* correct ?

| | Pedagogy | Andragogy |
|---|---|---|
| (A) | Child focussed | adult focussed |
| (B) | Systematic | less systematic |
| (C) | With Model and Practice | with method and practice |
| (D) | Less motivation | more motivation |

61. અધ્યાપનશાસ્ત્ર અને પુખ્તાધ્યાપનશાસ્ત્રની આપેલી તુલનાઓ પૈકી કઈ તુલના સાચી નથી ?

| | અધ્યાપનશાસ્ત્ર | પુખ્તાધ્યાપનશાસ્ત્ર |
|---|---|---|
| (A) | બાળ કેન્દ્રી | પુખ્ત કેન્દ્રી |
| (B) | વ્યવસ્થિત | ઓછી વ્યવસ્થિત |
| (C) | અનુકૃતિ અને મહાવરાયુક્ત | પદ્ધતિ અને મહાવરાયુક્ત |
| (D) | ઓછું અભિપ્રેરણ | વધુ અભિપ્રેરણ |

www.prepp.in

62. Critical Pedagogy in teacher education does *not* insist on :

(A) Constructing curriculum with the connection of student and student's family

(B) Reflecting upon society's culture

(C) Developing voice through a critical look at world and society

(D) Transforming the society toward equality for all

62. શિક્ષક શિક્ષણમાં આલોચનાત્મક અધ્યાપનશાસ્ત્ર ........ ઉપર ભાર આપતું નથી.

(A) વિદ્યાર્થી અને વિદ્યાર્થીના પરિવાર સાથેના જોડાણવાળા અભ્યાસક્રમની રચના

(B) સમાજની સંસ્કૃતિ ઉપર ચિંતન

(C) જગત અને સમાજ પ્રત્યે આલોચનાત્મક દૃષ્ટિ દ્વારા અવાજ ઉઠાવવો

(D) સમાજનું સર્વેની સમાનતા પ્રતિ રૂપાંતર

63. Which is *not* the component of Dynamic Model of Learner ?

(A) Cognitive

(B) Co-cognitive

(C) Action oriented

(D) Affective

63. નીચેનામાંથી કયો અધ્યેતાના ગતિશીલ પ્રતિમાનનો ઘટક નથી ?

(A) બોધાત્મક

(B) સહ–બોધાત્મક

(C) કાર્યાભિમુખ

(D) ભાવાત્મક

64. Which type of assessment is the assessment for learning ?

(A) Diagnostic

(B) Formative

(C) Summative

(D) (A) and (C) both

64. કયા પ્રકારનું પરીક્ષણ અધ્યયન માટેનું પરીક્ષણ છે ?

(A) નિદાનાત્મક

(B) વિકાસાત્મક (રચનાત્મક)

(C) સમગ્રલક્ષી (સત્રાંત)

(D) (A) અને (C) બંને

www.prepp.in

65. To put ideas together to form a new whole is :

(A) Evaluation

(B) Analysis

(C) Synthesis

(D) Application

66. Reflective Journal can benefit students to identify learning events happened to them for :

(A) Improving their writing skill

(B) Enhancing critical thinking skill

(C) Acquiring knowledge automatically

(D) Expressing opinion about teacher's teaching

67. Which is *not* true for Rubrics ?

(A) Criteria sheet

(B) Grading scheme

(C) Scoring guide

(D) Evaluation sheet

65. નવી સમગ્રતાની રચના માટે વિચારોને એક સાથે મૂકવા એટલે :

(A) મૂલ્યાંકન

(B) વિશ્લેષણ

(C) સંશ્લેષણ

(D) ઉપયોજન

66. ચિંતનાત્મક નોંધપોથી વિદ્યાર્થીઓના અધ્યયન બનાવોને ઓળખવામાં ફાયદો કરી શકે છે, કે જેથી તેઓ :

(A) તેમનું લેખન કૌશલ્ય સુધારે

(B) વિવેચનાત્મક વિચાર કૌશલ્યનું સંવર્ધન કરે

(C) સ્વચાલિતપણે જ્ઞાનનું અર્જન કરે

(D) શિક્ષકના અધ્યાપન વિશે મંતવ્ય પ્રગટ કરે

67. ખાના–પત્રક અંગે શું સાચું નથી ?

(A) માનદંડ પત્ર

(B) કક્ષા યોજના પત્ર

(C) ગુણાંકન માર્ગદર્શિકા

(D) મૂલ્યાંકન પત્ર

68. In Flander's Interaction Analysis category system, which one of the following is *not* correct process to preserve the selected aspects of classroom interaction ?

(A) Observation

(B) Encoding

(C) Tabulation

(D) Recoding

69. Which of the following is *not* included in the system of teacher evaluation ?

(A) Use of only established knowledge

(B) Application of theory

(C) Design of new products

(D) Use of new processes

70. Self and peer assessment are important in 'assessment for learning' which will :

(A) Enhance students' active engagement

(B) Increase amount of feedback

(C) Augment learning with self-feedback

(D) Help students to increase ability to achieve

68. ફલેન્ડરના ભાષા–વ્યવહાર વિશ્લેષણ વર્ગીકરણ પ્રણાલીમાં વર્ગખંડ આંતરવ્યવહારના પસંદ કરેલાં પાસાંને જાળવી રાખવા કઈ પ્રક્રિયા યોગ્ય નથી ?

(A) અવલોકન

(B) સંકેતન

(C) સારણીકરણ

(D) પુનઃસંકેતન

69. શિક્ષક મૂલ્યાંકન પ્રણાલીમાં નીચેનામાંથી શું સમાવિષ્ટ નથી ?

(A) માત્ર સ્થાપિત જ્ઞાનનો ઉપયોગ

(B) સિદ્ધાંતનું ઉપયોજન

(C) નવી નીપજોની યોજના

(D) નવી પ્રક્રિયાઓનો ઉપયોગ

70. "અધ્યયન માટે મૂલ્યાંકન" માં સ્વ અને સહપાઠી દ્વારા થતું તે મૂલ્યાંકન મહત્વનું છે કે જે :

(A) વિદ્યાર્થીઓની સક્રિય સંલગ્નતાનું સંવર્ધન કરે

(B) પ્રતિપોષણનું પ્રમાણ વધારે

(C) સ્વ પ્રતિપોષણ દ્વારા અધ્યયનમાં ઉમેરો કરે

(D) સિદ્ધિ પ્રાપ્ત કરવાની ક્ષમતા વધે તે માટે વિદ્યાર્થીઓને મદદ કરે

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

71. Which of the following are the characteristics of Educational Technology ?

(*i*) It accepts education as both science and an art.

(*ii*) It studies the impact of science and techniques on educational process.

(*iii*) It applies scientific, psychological and philosophical principles and theories in education.

(*iv*) It does not try to find better ways to apply inventions of physical science in education.

(A) (*i*), (*ii*) and (*iv*)

(B) (*i*), (*ii*) and (*iii*)

(C) (*ii*), (*iii*) and (*iv*)

(D) (*i*), (*iii*) and (*iv*)

72. A set of devices and techniques, which are used to collect, process, store or deliver the information is called :

(A) ICT

(B) Information Technology

(C) Communication Technology

(D) (A) and (C) both

71. નીચેનામાંથી શૈક્ષણિક પ્રોદ્યોગિકીનાં લક્ષણો કયાં છે ?

(*i*) તે શિક્ષણને વિજ્ઞાન અને કલા એમ બંને રીતે સ્વીકારે છે.

(*ii*) તે શિક્ષણ પ્રક્રિયા પર વિજ્ઞાન અને તકનિકોની અસરનો અભ્યાસ કરે છે.

(*iii*) તે શિક્ષણમાં વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક અને તાત્વિક અધિનિયમો અને સિદ્ધાંતોનો વિનિયોગ કરે છે.

(*iv*) તે ભૌતિક વિજ્ઞાનમાં થતી શોધોનો શિક્ષણમાં વિનિયોગ કરવા માટેના વધુ સારા માર્ગો શોધવાના પ્રયત્નો કરતી નથી.

(A) (*i*), (*ii*) અને (*iv*)

(B) (*i*), (*ii*) અને (*iii*)

(C) (*ii*), (*iii*) અને (*iv*)

(D) (*i*), (*iii*) અને (*iv*)

72. માહિતી મેળવવા માટે, તેની ઉપર પ્રક્રિયા કરવા માટે, તેનો સંગ્રહ કરવા માટે અથવા તે પહોંચાડવા માટે વપરાતાં સાધનો અને તકનિકીનો સમૂહ એટલે ....... .

(A) ICT

(B) માહિતી પ્રોદ્યોગિકી

(C) પ્રત્યાયન પ્રોદ્યોગિકી

(D) (A) અને (C) બંને

www.prepp.in

73. Who describes nine events of instruction ?

(A) Dick and Carey

(B) Ausubel

(C) Gagne

(D) Hull

73. અનુદેશનની નવ ઘટનાઓનું વર્ણન કોણે કર્યું છે ?

(A) ડિક અને કેરી

(B) આસુબેલ

(C) ગેને

(D) હલ

74. Which are five 'E's of constructivism ?

(A) Engage, Explore, Explain, Elaborate, Evaluate

(B) Enable, Explore, Explain, Elaborate, Evaluate

(C) Engage, Enable, Explain, Elaborate, Evaluate

(D) Engage, Explore, Explain, Elaborate, Enable

74. સંરચનાવાદ (constructivism) ના પાંચ 'E' કયા છે ?

(A) Engage, Explore, Explain, Elaborate, Evaluate

(B) Enable, Explore, Explain, Elaborate, Evaluate

(C) Engage, Enable, Explain, Elaborate, Evaluate

(D) Engage, Explore, Explain, Elaborate, Enable

75. A .......................... is sum total of parts working independently and working together to achieve the required results or outcomes based on needs.

(A) Hardware

(B) Software

(C) Technology

(D) System

75. .......... એ વિવિધ ભાગોનો એવો કુલ સરવાળો છે જે જરૂરિયાતો પર આધારિત એવા અપેક્ષિત પરિણામોની પ્રાપ્તિ માટે સ્વતંત્ર રીતે તેમજ સાથે મળીને કાર્ય કરે છે.

(A) હાર્ડવેર

(B) સોફ્ટવેર

(C) તકનિકી

(D) પ્રણાલી

www.prepp.in

76. 'Blog' is a shortened form for :

(A) Better Log

(B) Web Log

(C) Blogger's Log

(D) Wiki Log

77. Which of the following is based on the concept of 'Mastery Learning' ?

(A) MOOCs

(B) CAI

(C) CML

(D) Web 2.0 Tools

78. Delone and McLean are associated with :

(A) Internet System Success Model

(B) Interactive System Success Model

(C) Information System Success Model

(D) International System Success Model

76. 'Blog' એ ........ નું સંક્ષિપ્ત સ્વરૂપ છે.

(A) Better Log

(B) Web Log

(C) Blogger's Log

(D) Wiki Log

77. નીચેનામાંથી કયું ''નિપુણતા અધ્યયન'' ની સંકલ્પના પર આધારિત છે ?

(A) MOOCs

(B) CAI

(C) CML

(D) Web 2.0 Tools

78. ડેલોન અને મેક્લિન ....... સાથે જોડાયેલા છે.

(A) ઇન્ટરનેટ સિસ્ટમ સકસેસ મોડેલ

(B) ઇન્ટરએક્ટીવ સિસ્ટમ સકસેસ મોડેલ

(C) ઈન્ફોર્મેશન સિસ્ટમ સક્સેસ મોડેલ

(D) ઈન્ટરનેશનલ સિસ્ટમ સક્સેસ મોડેલ

www.prepp.in

79. Which of the following institutes are associated with the development of NROER ?

(A) NCTE and NCERT

(B) CIET and NCERT

(C) UGC and NCERT

(D) NCTE and CIET

80. Where is INFLIBNET centre located ?

(A) Gandhinagar

(B) Ahmedabad

(C) Vallabh Vidyanagar

(D) Vadodara

81. Critical Path Method (CPM) is a :

(A) Curricular model

(B) Project management technique

(C) Institutional leadership model

(D) (A) and (C) both

79. નીચેનામાંથી કઈ સંસ્થાઓ NROER ના વિકાસ સાથે જોડાયેલી છે ?

(A) NCTE અને NCERT

(B) CIET અને NCERT

(C) UGC અને NCERT

(D) NCTE અને CIET

80. INFLIBNET કેન્દ્ર ક્યાં આવેલું છે ?

(A) ગાંધીનગર

(B) અમદાવાદ

(C) વલ્લભ વિદ્યાનગર

(D) વડોદરા

81. ક્રિટીકલ પાથ મેથડ (CPM) એટલે :

(A) અભ્યાસક્રમ પ્રતિમાન

(B) પ્રકલ્પ વ્યવસ્થાપન પ્રયુક્તિ

(C) સંસ્થાકીય નેતૃત્વ પ્રતિમાન

(D) (A) અને (C) બંને

82. For a good school principal :

(A) School administration is a bureaucratic affair

(B) School administration is a self-evolving process

(C) School has to be run on the basis of existing social norms and practices

(D) School should be run on the basis of human relations approach

83. Which of the schools will prove to be better school in future ?

(A) A school that won maximum sports trophies last year.

(B) A school that has the best teachers.

(C) A school with good organisational climate.

(D) A school admitting only the brightest learners.

84. Which leadership approach a training institution should follow in order to produce good teachers ?

(A) Trait oriented

(B) Transformational

(C) Charismatic

(D) Culture oriented

82. એક સારા શાળા-આચાર્ય માટે :

(A) શાળા સંચાલન અમલદારશાહી બાબત છે

(B) શાળા સંચાલન સ્વતઃ ઉત્ક્રાંત પ્રક્રિયા છે

(C) શાળા પ્રવર્તમાન સામાજિક ધોરણો અને વ્યવહારોના આધારે જ ચાલવી જોઈએ

(D) શાળા માનવીય સંબંધોના અભિગમના આધારે ચાલવી જોઈએ

83. ભવિષ્યમાં કઈ શાળા વધારે સારી શાળા પુરવાર થશે ?

(A) એવી શાળા કે જે ગયા વર્ષે રમતમાં સૌથી વધુ વિજયપદ્મ જીતી હોય

(B) એવી શાળા કે જેમાં શ્રેષ્ઠ શિક્ષકો હોય

(C) સારા સંસ્થાકીય વાતાવરણવાળી શાળા

(D) માત્ર તેજસ્વી અધ્યેતાઓને જ પ્રવેશ આપતી શાળા

84. સારા શિક્ષકો તૈયાર કરવા માટે તાલીમી સંસ્થાએ કયો નેતૃત્વ અભિગમ અનુસરવો જોઈએ ?

(A) ગુણધર્મ અભિમુખી

(B) રૂપાંતરકારી

(C) કરિશ્માકારી

(D) સંસ્કૃતિ અભિમુખ

Prepp
Your Personal Exams Guide

85. Managerial Grid model of leadership has concern for :

(A) Process and product

(B) People and product

(C) Pre-requisites and plans

(D) Planning and process

85. નેતૃત્વના વ્યવસ્થાપન પરિરૂપ પ્રતિમાનને ........ માટે નિસબત છે.

(A) પ્રક્રિયા અને નીપજ

(B) લોકો અને નીપજ

(C) પૂર્વાવશ્યકતા અને આયોજનો

(D) આયોજન અને પ્રક્રિયા

86. In Leader-Member exchange theory, which one of the following objectives is not the focus ?

(A) Subordinates' responsibilities

(B) Enhancing decision-making ability of subordinates

(C) Increasing follower's access to resources

(D) Training of followers to become future leaders

86. નેતા–સભ્ય વિનિમય સિદ્ધાંતમાં, નીચેનામાંથી કયો હેતુ કેન્દ્રમાં નથી ?

(A) હાથ નીચેના કાર્યકર્તાઓની જવાબદારીઓ

(B) હાથ નીચેના કાર્યકર્તાઓની નિર્ણય લેવાની ક્ષમતાનું સંવર્ધન

(C) અનુયાયીઓને સંસાધનોની સંપ્રાપ્તિમાં વધારો

(D) અનુયાયીઓને ભાવિ નેતા બનવા તાલીમ

87. Which one of the following is *not* a characteristic of a quality process/product ?

(A) It is easy to handle and use

(B) It has advantage over previous processes/products

(C) It is efficient

(D) It is acceptable to all

87. નીચેનામાંથી કયું ગુણવત્તાવાળી પ્રક્રિયા/નીપજનું લક્ષણ નથી ?

(A) તેને સંભાળવું અને ઉપયોગ કરવો સહેલો છે

(B) તે અગાઉની પ્રક્રિયાઓ/નીપજોથી વધુ સારી છે

(C) તે કાર્યક્ષમ છે

(D) તે સર્વસ્વીકૃત છે

www.prepp.in

88. For better quality, Indian universities have opened :

(A) IQAC programme

(B) TQM programme

(C) Six Sigma Cells

(D) Shodh Ganga Cells

89. In education "just in time" management will imply that :

(A) All admissions in all teacher education institutions should be in time

(B) The demand for teachers by the state governments should be related with educational inputs

(C) Teacher education institutions produce a large number of quality teachers

(D) The quality of pass out to be teachers will be high

88. વધુ સારી ગુણવત્તા માટે ભારતીય વિશ્વવિદ્યાલયોમાં .......... નો આરંભ કરવામાં આવેલ છે.

(A) IQAC કાર્યક્રમ

(B) TQM કાર્યક્રમ

(C) સિક્સ સિગ્મા સેલ્સ

(D) શોધ ગંગા સેલ્સ

89. શિક્ષણમાં ''જસ્ટ ઈન ટાઈમ'' વ્યવસ્થાપન દ્વારા ....... સૂચિત થાય છે.

(A) તમામ શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં સમગ્ર પ્રવેશકાર્ય સમયસર થવું જોઈએ

(B) રાજ્ય સરકારો દ્વારા શિક્ષકો માટેની માગ શૈક્ષણિક આગત સાથે સંબંધિત હોવી જોઈએ

(C) શિક્ષક શિક્ષણ સંસ્થાઓ મોટી સંખ્યામાં ગુણવત્તા શિક્ષકો તૈયાર કરે છે

(D) ઉત્તીર્ણ થનારા ભાવિ શિક્ષકોની ગુણવત્તા ઊંચી હશે

www.prepp.in

Prepp Your Personal Exams Guide

90. Which of the following is *not* a cause of failure-cost in educational context in India ?

(A) Low quality of admitted pupil teachers.

(B) Low quality of training.

(C) Low availability of job opportunities in the market.

(D) Absence of a rigorous evaluation system in teacher education institutions

91. In which type of education system, students with special educational needs have to be adjusted with existing school environment ?

(A) Integrated

(B) Inclusive

(C) Special and Inclusive

(D) Integrated and Inclusive

90. ભારતમાં શૈક્ષણિક સંદર્ભમાં નીચેનામાંથી કયું નિષ્ફળતા લાગતનું કારણ નથી ?

(A) પ્રવેશ પામેલા વિદ્યાર્થી–શિક્ષકોની નીચી ગુણવત્તા

(B) તાલીમની નીચી ગુણવત્તા

(C) બજારમાં નોકરીની તકોની નીચી ઉપલબ્ધતા

(D) શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં કડક મૂલ્યાંકન પ્રણાલીની ગેરહાજરી

91. કયા પ્રકારની શિક્ષણ વ્યવસ્થામાં, વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓએ શાળાના પ્રવર્તમાન વાતાવરણ સાથે અનુકૂલિત થવું જ પડે છે ?

(A) સંકલિત

(B) સમાવેશક

(C) વિશિષ્ટ અને સમાવેશક

(D) સંકલિત અને સમાવેશક

Prepp
Your Personal Exams Guide

92. By which number of amendment in Indian Constitution, provision of SSA was made ?

(A) 86-A

(B) 86-C

(C) 85th

(D) 86th

93. Which decade was declared as "Decade of Disabled" by United Nations ?

(A) 1981 to 1992

(B) 1991 to 2002

(C) 2001 to 2012

(D) 1971 to 1982

94. Which of the following may cause partial or complete visual impairment ?

(A) Glaucoma

(B) Cataracts

(C) Macular Degeneration

(D) All of the above

92. ભારતીય બંધારણના કેટલામા સુધારા દ્વારા SSA ની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 86-A

(B) 86-C

(C) 85th

(D) 86th

93. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કયા દાયકાને "વિકલાંગોના દાયકા" તરીકે જાહેર કરવામાં આવ્યા હતો ?

(A) 1981 થી 1992

(B) 1991 થી 2002

(C) 2001 થી 2012

(D) 1971 થી 1982

94. નીચેનામાંથી શાના કારણે દૃષ્ટિની આંશિક અથવા સંપૂર્ણ ખામી ઉદ્ભવી શકે છે ?

(A) ઝામર

(B) મોતિયો

(C) મેક્યુલર ડિજનરેશન

(D) ઉપરના તમામ

www.prepp.in

95. While planning for evaluation of the students having disability, what should be given more importance ?

(A) Type and Intensity of disability

(B) Learning objectives

(C) Learning experiences

(D) Tool for evaluation

96. Which of the following are given as guiding principles in NCF-2005 for curriculum development ?

(*i*) Such subjects shoule be included in curriculum that relate knowledge with real and practical life.

(*ii*) Modifications should be made in curriculum at fixed interval.

(*iii*) Enrich the curriculum in such a way that such experiences can be given to the students that are not mentioned in textbooks.

(*iv*) Curriculum should be such that does not encourage the students for cramming.

(A) (*i*), (*ii*) and (*iv*)

(B) (*i*), (*iii*) and (*iv*)

(C) (*ii*), (*iii*) and (*iv*)

(D) (*i*) to (*iv*) all

95. અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટેનું આયોજન કરતી વખતે સૌથી વધુ મહત્વ શાને આપવું જોઈએ ?

(A) અક્ષમતાનો પ્રકાર અને તીવ્રતા

(B) અધ્યયન હેતુઓ

(C) અધ્યયન અનુભવો

(D) મૂલ્યાંકનનું ઉપકરણ

96. અભ્યાસક્રમ વિકાસ માટે નીચેનામાંથી કયું NCF-2005 માં માર્ગદર્શક સિદ્ધાંત તરીકે આપવામાં આવ્યું છે ?

(*i*) જ્ઞાનને વાસ્તવિક અને વ્યાવહારિક જીવન સાથે જોડે તેવા વિષયોનો સમાવેશ અભ્યાસક્રમમાં થવો જોઈએ.

(*ii*) નિશ્ચિત અંતરાલે અભ્યાસક્રમમાં સુધારાવધારા થવા જોઈએ.

(*iii*) અભ્યાસક્રમને એવી રીતે સમૃદ્ધ બનાવવો જોઈએ કે જેથી પાઠ્યપુસ્તકમાં જેમનો ઉલ્લેખ ન હોય તેવા અનુભવો પણ વિદ્યાર્થીઓને આપી શકાય.

(*iv*) વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી માટે પ્રેરિત ન કરે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

(A) (*i*), (*ii*) અને (*iv*)

(B) (*i*), (*iii*) અને (*iv*)

(C) (*ii*), (*iii*) અને (*iv*)

(D) (*i*) થી (*iv*) તમામ

97. Which of the following activities can be the obstacles for effective implementation of inclusive education system ?

(*i*) Making common rules for promoting the students in upper grade (standard).

(*ii*) Involving the parents of disabled students in school activities.

(*iii*) Developing common curriculum for all types of students of the same grade.

(*iv*) Making the peers of disabled students learn sign language and Brail script if required.

(A) (*i*) and (*ii*)

(B) (*ii*) and (*iii*)

(C) (*i*) and (*iv*)

(D) (*i*) and (*iii*)

97. નીચેનામાંથી કઈ પ્રવૃત્તિઓ સમાવેશક શિક્ષણના અસરકારક અમલ માટે અવરોધક બની શકે છે ?

(*i*) ઉપલા ધોરણમાં બઢતી આપવા માટે તમામ પ્રકારના વિદ્યાર્થીઓ માટે સમાન નિયમો બનાવવા.

(*ii*) અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના વાલીઓને શાળાની પ્રવૃત્તિઓમાં સામેલ કરવા.

(*iii*) એક જ ધોરણના તમામ પ્રકારના વિદ્યાર્થીઓ માટે સમાન અભ્યાસક્રમનો વિકાસ કરવો.

(*iv*) જરૂર જણાય તો અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના સાથીઓને સાંકેતિક ભાષા અને બ્રેઈલ લિપિ શીખવવી.

(A) (*i*) અને (*ii*)

(B) (*ii*) અને (*iii*)

(C) (*i*) અને (*iv*)

(D) (*i*) અને (*iii*)

www.prepp.in

98. In which of the following education systems, provision is made for developing multi-level curriculum for the students of the same class ?

(A) General

(B) Inclusive

(C) Integrated

(D) Special

99. In which education system, special students are allowed to study for sometimes in the school of main stream ?

(A) Integrated

(B) Inclusive

(C) Special

(D) (B) and (C) both

100. To which type of the students, NROER cannot be helpful in study ?

(A) Students having complete visual impairment

(B) Students having hearing impairment

(C) Students having problem of speech

(D) All of the above

98. નીચેનામાંથી કઈ શિક્ષણ પ્રણાલીમાં એક જ ધોરણનાં બાળકો માટે બહુસ્તરીય અભ્યાસક્રમોની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) સામાન્ય

(B) સમાવેશક

(C) સંકલિત

(D) વિશિષ્ટ

99. કઈ શિક્ષણ પ્રણાલીમાં વિશિષ્ટ વિદ્યાર્થીઓને થોડા સમય માટે મુખ્ય પ્રવાહની શાળામાં અભ્યાસ કરવાની છૂટ અપાય છે ?

(A) સંકલિત

(B) સમાવેશક

(C) વિશિષ્ટ

(D) (B) અને (C) બન્ને

100. કયા પ્રકારના વિદ્યાર્થીઓને અભ્યાસમાં NROER વધુ ઉપયોગી થઈ શકે નહીં ?

(A) દૃષ્ટિની સંપૂર્ણ ખામી ધરાવતા

(B) સાંભળવાની ખામી ધરાવતા

(C) વાણીની સમસ્યા ધરાવતા

(D) ઉપરના તમામ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

ROUGH WORK

SEAL

Prepp
Your Personal Exam Guide